# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-06-2024** **Evenong : 7.10 to 7.20pm**
**Day: Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

- મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને ગાંધીનગરમાં શાળા પ્રવેશોત્સવની આયોજન બેઠક યોજાઇ.. આંકડાકિય સિધ્ધિઓ કરતાં બાળકના ભવિષ્ય માટે સર્વોત્તમ પ્રદાન કરવાનો મુખ્યમંત્રીએ નિર્ધાર વ્યક્ત કર્યો
- રાજ્ય સરકાર ડ્રગ્સ નાબૂદી માટે કટિબધ્ધ. છેલ્લા ચાર વર્ષમાં બે હજાર 607 આરોપીઓની ધરપકડ કરાઇ
- નીટની પરીક્ષામાં ગેરરીતી મામલે ગોધરામાં સીબીઆઇની ટીમ દ્વારા તપાસ...
- અમદાવાદમાં ઓઢવની એક ફેક્ટરીમાં થયેલા વિસ્ફોટમાં બેનાં મોત...
- રાજ્યમાં છેલ્લા ચોવીસ કલાકમાં 101 તાલુકાઓમાં વરસાદ..સૌથી વધુ જામનગરના લાલપુરમાં અઢી ઇંચ જેટલો વરસાદ વરસ્યો

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## CM SHALA PRAVESOTSAV

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ વર્ષે યોજનારા ૨૧મા શાળા પ્રવેશોત્સવ દરમિયાન આંકડાકીય સિદ્ધિઓ કરતા બાળકના ભવિષ્ય માટે સારામાં સારું પ્રદાન કરવા પર વિશેષ ધ્યાન આપવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે.

૨૧મા શાળા પ્રવેશોત્સવમાં સહભાગી થનારા રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ તથા પદાધિકારીઓ, ઉચ્ચ અધિકારીઓ માટેની માર્ગદર્શન બેઠક મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં યોજવામાં આવી હતી.

વધુ ને વધુ દીકરીઓ ઉચ્ચ અભ્યાસમાં જોડાય તે માટે 'નમો લક્ષ્મી' અને વિજ્ઞાન પ્રવાહમાં વધુ બાળકો આવે તે માટે 'નમો સરસ્વતી' યોજનાનો મહત્તમ લાભ છેવાડા સુધી પહોંચાડવા બેઠકમાં ઉપસ્થિત સૌને અપીલ કરી હતી..

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ મુજબ શરૂ થયેલી બાલવાટિકા યોજના અંતર્ગત રાજ્યભરના આશરે ૧૧.૭૦ લાખથી વધુ બાળકો પ્રવેશ લેશે. આ ઉપરાંત ૩ લાખથી વધુ બાળકો આ વર્ષે સીધાં પહેલા ધોરણમાં પ્રવેશ લેશે તેમ શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે જણાવ્યું હતું..

બાયસેગ દ્વારા કરવામાં આવેલા રાજ્યભરમાં જીવંત પ્રસારણને કારણે તમામ જીલ્લાઓમાંથી અધિકારીઓ અને પદાધિકારીઓ પણ આ બેઠકમાં જોડાયા હતા.

## HARSH SANGHVI

રાજ્યમાં છેલ્લા ચાર વર્ષમાં ડ્રગ્સ વિરોધી અભિયાન અંતર્ગત 1700થી વધુ કેસ નોંધાયા છે. જ્યારે આ કેસોમાં 2 હજાર 607 આરોપીઓની ધરપકડ કરાઇ છે... રાજ્ય સરકારના ડ્રગ્સ વિરોધી પગલાંઓ અંગે અમદાવાદમાં પત્રકારોને માહિતી આપતા ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ રાજયમાંથી ડ્રગ્સના દૂષણને નાબૂદ કરવા સરકારની પ્રતિબધ્ધતા દોહરાવી હતી..

(બાઇટ-હર્ષ સંઘવી, ગૃહ રાજ્ય મંત્રી)

રાજ્ય સરકારે નશાનો વેપાર કરતાં પેડલરોને પકડવામાં જે વ્યૂહ રચના અપનાવી છે તેને કારણે વધુને વધુ આરોપીઓ પકડાઇ રહ્યાં છે. ડ્રગ્સનો વેપાર

કરનારાઓની માહિતી આપનારને પોલીસે જે પુરસ્કાર આપવાની યોજના અમલમાં મૂકી છે તે દેશમાં પ્રથમ યોજના હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો

(બાઇટ-હર્ષ સંઘવી, ગૃહ રાજ્ય મંત્રી)

રાજ્ય સરકાર દ્વારા આરંભાયેલા આ અભિયાનને વધુ અસરકારક બનાવવા સામાજિક સહયોગ માટે ગૃહરાજ્ય મંત્રીએ અપીલ કરી હતી..તેમજ ડ્ર્ગ્સના દૂષણને નાબૂદ કરવા માટે સરકાર કોઇ કસર બાકી રાખશે નહીં તેવી પણ તેમણે ખાતરી આપી હતી.

## **PM AVAS YOJNA**-1

દેશના શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારોમાં વસતા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને પોસાય તેવી કિંમતોએ પાકાં મકાનો ઉપલબ્ધ કરાવવાના હેતુથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2015માં પ્રધાનમંત્રી આવાસ યોજનાનો પ્રારંભ કર્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ કુલ 8 લાખથી વધુ આવાસોનું નિર્માણકાર્ય પૂરું કરવામાં આવ્યું છે.

જૂન 2015માં જાહેર થયા બાદ, પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ ગુજરાત રાજ્ય માટે અંદાજિત માંગ મુજબ 7 લાખ 64 હજાર આવાસોનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો, જેની સામે આજ દિન સુધીમાં કુલ 9 લાખ 78 હજાર આવાસો મંજૂર કરવામાં આવ્યા છે. આ મંજૂર થયેલ આવાસોમાંથી 8 લાખથી વધુ આવાસોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

## NEET CBI TEAM GODHARA

પંચમહાલના ગોધરાની એક શાળામાં નીટ પરીક્ષામાં ગેરરીતીની તપાસ CBIને સોંપવામાં આવી છે. સીબીઆઇની ટીમ તપાસ માટે આજે ગોધરા પહોંચી હતી.તપાસ ટીમે પૂછપરછ શરૂ કરી છે. આ સાથે પંચમહાલ જિલ્લા પોલીસ અધીક્ષક હિમાંશુ સોલંકી સહિત અન્ય પોલીસ અધિકારીઓ પણ ગોધરા સર્કિટ હાઉસ ખાતે હાજર રહ્યા હતા.

આ અંગે પંચમહાલ જિલ્લા પોલીસ અધીક્ષક હિમાંશુ સોલંકીએ જણાવ્યું હતું કે હાલમાં તો કેસ CBIને સોંપવાની કામગીરી ચાલી રહી છે અને ગોધરા પોલીસ તપાસમાં મદદ કરી રહી છે.

પંચમહાલના અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે દેશમા NEET UG -2024ની તારીખ 5મી ના રોજ લેવાયેલી પરીક્ષામાં ગેરરીતિઓ અંગે ડાયરેક્ટર, ડિપાર્ટમેન્ટ ઓફ હાયર એજ્યુકેશન ભારત સરકાર દ્વારા પોલીસ ફરિયાદ કરાઇ છે.

## A 'bad –odhav factory blast

અમદાવાદના ઓઢવમાં ફેક્ટરીમાં બ્લાસ્ટ થતાં આગ લાગવાની ઘટના બની હતી. જેમાં બે વ્યક્તિના ઘટના સ્થળે જ મોત થયા હતા.

ઓઢવની અરિહંત ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટના બંસી પાઉડર કોટિંગ નામની ફેક્ટરીમાં વિવિધ સાધનોને કલર અને પાઉડર કોટિંગ કરવામાં આવતું હતું. જેમાં કોમ્પ્રેશરમાં કોમર્શિયલ ગેસ બોટલનો ઉપયોગ કરવામાં આવતો હતો. કોમ્પ્રેશરમાં પ્રેશર થતા સિલિન્ડરમાં બ્લાસ્ટ થયો હતો. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે આવીપોહનચી હતી. ગોડાઉનના માલિક અને કામ કરતાં એક કારીગરનું ઘટનાસ્થળે જ મોત થયું છે, જ્યારે 3 લોકોને ઈજાઓ થતાં તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે

## WEATHER

રાજયના સૌરાષ્ટ્ર અને કચ્છમાં ચોમાસું સક્રિય બન્યું છે. જૂનાગઢ અને દ્વારકામાં કેટલાક સ્થળોએ આજે ભારે વરસાદ વરસ્યો હતો. દક્ષિણ ગુજરાતમાં છોટાઉદેપુરમાં છૂટાછવાયાં સ્થળોએ ભારે વરસાદ નોંધાયો હતો.

ગાંધીનગર સ્થિત સ્ટેટ ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર દ્વારા જાહેર કરાયેલા વરસાદની સત્તાવાર આંકડા અનુસાર છેલ્લા ચોવિસ કલાકમાં રાજ્યના 101 તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો.. જેમાં સૌથી વધુ જામનગર જીલ્લાના લાલપુર તાલુકામાં અઢી ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો જ્યારે સુરતના ઓલપાડમાં લગભગ બે ઇંચ વરસાદ નોંધાયો હતો.. જ્યારે અન્ય સ્થળોએ મધ્યમથી હળવો વરસાદ વરસ્યો હતો

હવામાન વિભાગે જાહેર કરેલી છેલ્લા ચાર દિવસની આગાહી અનુસાર 25થી 28 જૂનને કચ્છમાં છુટાછવાયા હળવા વરસાદની આગાહી કરી છે.જ્યારે અન્ય જીલ્લાઓમાં ગાજવીજ સાથે હળવો વરસાદ વરસવાની આગાહી કરી છે.. આ ઉપરાંત 29 જૂને સૌરાષ્ટ્રભરમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી

છે જ્યારે ઉત્તર ગુજરાત. મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ગાજવીજ સાથે મધ્યમ વરસાદની હવામાન વિભાગે શક્યતા દર્શાવી છે..

વરસાદ અંગે તાપીથી અમારા પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે કે, જીલ્લાના વ્યારા, વાલોડ અને કુકરમુંડા સહિતના વિસ્તારમાં વરસાદનો માહોલ છે.

રાજયના મોટાભાગનાં તાલુકામાં મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. ભાવનાગરમાં 37, ગાંધીનગરમાં 39, વડોદરામાં 36, સુરતમાં 32 ડીગ્રી સેલ્સીયસ નોંધાયું હતું. અમદાવાદમાં મહત્તમ તાપમાન 38.6 ડીગ્રી સેલ્સીયસ નોંધાયું હતું. અને હવામાં ભેજનું પ્રમાણ 85 ટકા જેટલું નોંધાયું હતું.

## PM MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ મહિનાની 30મી તારીખે પ્રસારિત થનારા આકાશવાણી પરના તેમના મન કી બાત કાર્યક્રમ માટે લોકોને વિચારો અને સૂચનો શેર કરવા આમંત્રણ આપ્યું છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ દરેકને MyGov ઓપન ફોરમ, નમો એપ પર લખવા અથવા ટોલ ફ્રી નંબર 1800-11-7800 દ્વારા સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે. આગામી એપિસોડ માટેના તમામ સૂચનો આ મહિનાની 28મી તારીખ સુધી સ્વીકારવામાં આવશે.

30મી જૂને પ્રસારિત થનારો 111મો એપિસોડ હશે . શ્રી મોદી સતત ત્રીજી મુદત માટે પ્રધાનમંત્રી તરીકે પુનઃ ચૂંટાયા બાદ પ્રસારિત થનારો આ પ્રથમ એપિસોડ હશે. મન કી બાત કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એર મોબાઈલ એપ પર પ્રસારિત કરવામાં આવશે. એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર

પણ તેનું લાઈવ સ્ટ્રીમિંગ કરવામાં આવશે. આકાશવાણી હિન્દી પ્રસારણ પછી તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરશે.

## SWAGAT ONLINE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો જૂન મહિનાનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ ગુરૂવારને સ્થાને આગામી શનિવારે યોજાશે..મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં દર મહિનાના ચોથા ગુરુવારે યોજવામાં આવતા રાજ્યકક્ષાના સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમની આગામી કડી શનિવારે ૨૯મી જુને યોજવામાં આવશે.

મુખ્યમંત્રી અને રાજ્યમંત્રી મંડળના મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ તા. ૨૬ થી ૨૮ના દિવસો દરમિયાન રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં જોડાવાના છે. જેથી દર મહિને નિયમિત પણે ચોથા ગુરુવારે યોજાતા રાજ્ય સ્વાગત કાર્યક્રમના દિવસમાં આ ફેરફાર કરવામાં આવ્યો છે.

## FATAFAT NEWS

- દાહોદમાં ગરબાડા તાલુકાના આંબલી ગામ ખાતે પ્રાકૃતિક ખેતી નિમિત્તે તાલીમ યોજાઈ
- 'India Skills-2024' સ્પર્ધામાં રિન્યુએબલ એનર્જી સ્કીલ સ્પર્ધામાં સુરત આઈટીઆઈના તાલીમાર્થી ધારિત જસાણીએ કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે.
- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યામિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી 2 લાખ થી વધુ વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવામાં આવી .પૂરક પરીક્ષા માટે ધોરણ-10ના 41 કેન્દ્રો પર 383 શાળાઓ અને ધોરણ-12ના 34 કેન્દ્રો પર 270 શાળાઓ નક્કી કરવામાં આવી છે.
- મહીસાગર જીલ્લા વહીવટીતંત્ર અને એનડીઆરએફની ટીમે સંયુક્તપણે હાડોડ ગામે મહીસાગર નદીના કિનારે મોકડ્રીલ યોજી હતી.

- આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે  વડોદરા જિલ્લા આયુર્વેદ શાખા દ્વારા જિલ્લામાં ૭૫ યોગ સ્પર્ધાઓ અને ૧૬૪ યોગ શિબિરોનું યોજવામાં આવી હતી જેમાં ૩૦,૦૦૦ થી વધુ લોકો જોડાયા હતા
- સુરતના રેલવેસ્ટેશન પર 25 લાખના માદક દ્રવ્યો સાથે યુવક અને યુવતીની ધરપકડ કરાઇ છે.
- જામનગરના કાવાવડ તાલુકાના મૂળિયા ગામે પૂલ તૂટતાં ગ્રામજનોએ શાળાબસને બચાવકાર્ય કર્યું હતું.